**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# અર્પણ ધારા

## **Steam** જિનશાસન આદિ પ્રવચનધારા

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૮

28.09.2021

# FEELINGS જિનશાસન 11

મહારાણા પ્રતાપ જે અત્યંત કફોડીમાં આવી ગયા હતા, એની બિલકુલ લડવાની શક્તિ ન હતી રહી. નથી સૈન્ય, નથી સંપત્તિ અને બધી જ રીતે તુટી પડ્યા હતા ત્યારે, ભામાશા એ એમને મદદ - કરી હતી. પોતાનો ખજાનો ધરી દીધો હતો. જેનાથી સૈન્ય વગેરે ઉભુ થઈ શક્યું હતું. પ્રતાપમાં ફરી જોમ આવ્યું હતું. ઘણું બધું ગુમાવેલો પ્રદેશ - એમણે જીતી લીધો હતો. કંઈક પ્રતાપ હવે WELL SET થઈ ગયા છે.

ભામાશા એક દિવસ એમની પાસે આવ્યા છે ને એમના ઉપકારો યાદ આવે છે ને પ્રતાપ કહે છે, ભામાશા, આ સમગ્ર રાજ્ય છે એના મુળમાં તમે છો, તમે એ એ વખતે મદદ ન કરી હોત તો આજે આ સ્થિતિ ના હોત. તમે ઈચ્છો એ માંગી લો, અત્યારે મારી ઈચ્છા છે, તમે જે બોલો એ વસ્તુ આપી દઉં. ભામાશા ઘણુ-બધુ માંગી શકે એમ હતા, એ કોઈ બહુ મોટી જમીન માંગી શકે એમ હતા, ગામો માંગી શકતા હતા, રાજ્ય ના દરેક વેપાર પર એમને કંઈક PERCENTAGE મળી શકે એવું માંગી શકતા હતા.

Vedanta READ | WRITE | GROW

ભામાશા એ એવું કશું પણ માંગ્યું નહિ, ભામાશાએ કહ્યું કે એ આપને આપવું જ હોય તો એટલું આપો, કે મેવાડના એકો એક ગામની અંદર એક જિનાલય હોવું જોઈએ અને બીજા નંબરમાં કોઈ પણ નવું ગામ વસાવવાનું હોય, તો એમાં પહેલું મકાન, પહેલું સ્થાપત્ય, એ ઋષભદેવ પ્રભુ મહારાજના મંદિર-નો પાયો નાખવાનું થાય, આથી વધારે મારે કાંઈ જોઈતું નથી.

એક બાજુ ભામાશાની આંખો ભીની છે ને બીજુ બાજુ પ્રતાપની આંખમાં આંસુ આવી-ગય છે, આટઆટલું આપ્યા પછી આટલા ઉપકાર-કર્યા પછી, મારા જેવો રાજા પ્રસન્ન થાય, અને વરદાન આપતો હોય ને પોતાના માટે કશું પણ-માંગ્યા વગર, આ માણસ પોતાના ભગવાન માટે, પોતાના ધર્મ માટે, કેટલી લાગણી ધરાવે છે. પ્રતાપે ત્યાં ને ત્યાં એ ફરમાન લખી આપ્યું, એટલું જ નહિ, એનો શિલાલેખ લખી આપ્યો, ORDER કરી દીધો, એ ORDER નો અમલ પણ થઈ ગયો, અને આજે પણ તમે મેવાડમાં, કેટ-કેટલા ગામોની અંદર ઋષભદેવ પ્રભુ મહારાજનું મંદિર

ઉભુ છે. જેના મૂળની અંદર માત્ર ને માત્ર, એ રાણાપ્રતાપ નથી, એ ભામાશા નથી, પણ ભામાશાની

જિનશાસન પ્રત્યેની લાગણી અને સંવેદના છે!

આજે પણ ભામાશાના વારસદારો પાસે એ શિલાલેખો મોજુદ છે. એ ફરમાન મોજુદ છે. અને RESULT આજે આપણે રાજસ્થાન - મેવાડની અંદર જોઈ શકીએ, મારે તમને જે વાત કરવી છે એ હવે આવે છે, જૈનો એ આજે પણ ભામાશા છે, જૈનોનું દાન એ જૈનોનું દાન, જૈનો રાજ્યને પણ આપે, અને - પ્રજાને પણ આપે. લાખ રૂપિયાનો સવાલ આ છે, ભામાશાની જેમ જૈનો ને આપતા આવડે છે, ભામાશાની જેમ જૈનો ને માંગતા આવડે છે કે નહિ?

દર વર્ષે અબજો રૂપિયા જૈનો ના, INCOME-TAX રૂપે ભારતની સરકારી તિજોરીમાં જમા થાય છે. આટલું ઓછું હોય, જેમ કોઈપણ કુદરતી આફત આવે પ્રાયઃ કરીને, પહેલી મદદ - તેમને જૈનો તરફથી હોય છે. વગર આફતે પણ અનુકંપા દાન, પાનબા, હોસ્પિટલ, દવાખાના,

દવા, શૈક્ષણિક, અનાજ કીટ, કપડા, ધાબળા, STATIONARY, લાડુ, ખીચડી, વગેરે અઢળક-પુષ્કળ.. પુષ્કળ, અનુકંપા દાન, જૈનો દ્વારા-REGULAR થઈ રહ્યું હોય, આટલું જ નહિં, ફક્ત કોરોના ની અંદર, એક હજાર કરોડનું ફંડ જૈનોએ DIRECT GOVERMENT ને આપ્યું હોય, બીજુ બધી સગવડતો કરી, જમાડ્યા, આર્થિક-મદદ કરી, ખિચડી જમાડી, એ બધુ જુદુ. DIRECT પૈસા રૂપે, જે ફક્ત GOVERMENT ને આપ્યું-એનો વાત છે. અને એ જૈનો, કોઈ દહેરાસર-ઉભુ કરવાની વાત કર છે, પોતાના તીર્થો ની રક્ષા સુધ્ધા કરાવી શકતા ન હોય, આ દેશનો સૌથી આર્થિક રૂપે ધર્મ કહેવાય જે, INCOME-TAX MAXIMUM આપતો હોય.

HIGH COURT ના એક જજે મને રૈજરમાં કહ્યું હતું, કે લગભગ પિસ્તાલીસ-ટકા આસપાસ INCOME TAX, ફક્ત જૈનો, એ TOTAL ભારત ની અંદર આપે છે. આટલું જ્યારે વજન હોય, આટલું જ્યારે શ્રમ હોય, આટલું જ્યારે સરકારને જૈનોનું BACKING હોય, અર્થતંત્રની

Vedanta
READ | WRITE | GROW

અંદર આટલો સિંહફાળો હોય સામે આવા-
દાનેશ્વરી હોય, શું કામ ન થઈ શકે હોય એ-
પ્રશ્ન હોય, જ્યારે સતાંતર- સતાંતર ક્યું કામ-
થઈ રહ્યું હોય એ પ્રશ્ન હોય ત્યારે આપણે-
આત્મ નિરીક્ષણ કરવાની જરૂર નથી. પચાસ-
કરોડ, સો કરોડ એક એક પાર્ટી ગવર્મેંટ ને
આપી શકે, PM CARE ફંડમાં અને ત્યાંથી આડો-
ને તમારા અંગત જીવનની અંદર, તમે પાંચ-
પચ્ચીસ રૂપિયા, પાંચ- પચ્ચીસો રૂપિયા, પાંચ-
પચ્ચીસ હજાર, કે પાંચ પચ્ચીસ લાખ રૂપિયા, ક્યાંક
જવાના હો, તમને વિચાર સુધ્ધા ન આવે, કે
આમાં શાસનનું કેટલું વળ્યું.

તો આપણે જૈન જશ !

જૈનત્વ ના અનુયાયી જશ !

કે પછી આપણે જૈનત્વ ના દ્રોહી !

તમારી ટેપ છે, યા તમારું નામ મુકવું, યા મા-બાપનું
નામ મુકવું, યા પરિવારનું નામ મુકવું.

હવે તમારો એક POINT OF VIEW છે આ -
બધામાં નામ ના મુકવાનું હોય, કરી દેવાનું હોય.
તમારી HABIT છે, યા તમારા ધંધાના સંબંધ -
વિકસાવવા, ધંધાનું નામ મુકવું, ધંધાનું નામ -
ઉજળુ કરવું, નામ ભુલાઈ જશે, ધંધો ભુસાઈ
જશે, પરિવાર વીખરાય જશે, આ કોઈનો પત્તો
રહ્યો નહિ હોય, માત્રને માત્ર

# ધર્મ એ કામમાં આવવાનો છે !

હજારોની સંખ્યામાં આજની તારીખમાં એવી સ્કુલો છે,
જેમાં જૈનો ની ટોટલ ફાળો છે, અપવા નો
સિંહ ફાળો છે, હજારોની સંખ્યામાં પ્યાઉ,
હજારોની સંખ્યામાં દવાખાનાઓ, આ માત્ર -
બોલવાની વાત નથી, વિહારમાં અમે નજરે -
જોયેલી આ બધી વાત છે. જૈનો એ ઉભા કર્યા
પછી ત્યાં જૈનત્વ નું કોઈ પ્રતિક હોય નહિ
ભગવાનનું, ધર્મનું, નામો નિશાન ન હોય, એકાદ
મંગલમૂર્તિ પધરાવવાનું આપણને સુઝતુ ના હોય,
આશાતના નો પદાર્થ મનમાં એવો FIT બેસી ગયો
હોય, કે FIT બેસી ગયાના કારણે, આપણ

આપણે અખંડ આશાતના કરી શકતા હોઈએ, જિનશાસનને ગૌરવ કે યશ બિલકુલ મળે નહિ, જિનશાસન ઝુતા ખાય, કે

## બાગાનો પૈસો બાગામાં જ ખર્ચ !

જૈનો માત્ર મંદિર પૂજા, મહોત્સવમાં માને, ગરીબોનું કંઈ વિચારે નહિ, HIGHEST સખાવત કર્યા-પછી HIGHEST ગાળો ખાનાર, જુતા ખાનાર, એવો કોઈનો ધર્મ હોય તો એ આપણો ધર્મ છે, આથી વધુ શરમની વાત આપણી માટે બીજુ કઈ હોય શકે !

જૈન એને કહેવાય કે જે સંસારમાં એક રુપિયો વાપરતો હોય તો એની ભાવના હોય કે એમાં પચાસ પૈસા જેવું કાંઈ શાસનનું ઉકળવું જોઈએ. ધર્મ માટે રૂપિયા વાપર્યા પછી, અનુકંપા-કે માનવતા માટે રૂપિયા વાપર્યા પછી, એક રૂપિયામાંથી, પાંચ પૈસાનું પણ શાસનનું કાંઈ ઉકળે, આવી આપણની કોઈ તમન્ના ન હોય, ફીકર ન હોય, તો ખરેખર આપણે,

Vedanta

# જૈન કહેવાઈએ કે નહિ ?

એ બહુ ગંભીરતાથી વિચારવાની જરૂર છે. મૂર્ખામી-
ની હદ કહેવાય, એવું આપણે કરી રહ્યા છીએ.
શાસ્ત્રીય વિધિ છે કે નામ મુકવું જ. ભગવાનનું
નામ મુકવું જ, ધર્મનું નામ મુકવું જ, જય-
મહાવીર કહ્યા વગર કોઈને એક પણ રૂપિયો ન-
આપવો, આવી વાત નથી, તમે કહો ક્યા શાસ્ત્ર-
માં લખ્યું છે. હું કહું છું એકે શાસ્ત્રમાં લખ્યું
નથી. પણ માર્ગ પ્રભાવના બીજ, એ કરૂણા છે,
આવુ શાસ્ત્રોમાં સો ટકા લખ્યું છે, ને એના-
પરથી, PLUS, શાલિભદ્રે કઈ રીતે અનુકંપા-
દાન આપ્યું, લખ્યું છે ચરિત્ર ગ્રંથોની અંદર,
ઢોલ પીટી ને જિનશાસનની પ્રભાવના થાય,
એ રીતે દીક્ષા પહેલા શાલિભદ્રએ અનુકંપા-
દાન આપ્યું. સાધર્મિક ભક્તિ કઈ રીતે કરી ?
ખાનગી રીતે ઘરે બોલાવી ને કરી. ઉંધા કામ-
આપણા અત્યારે પુર જોરમાં ચાલી રહ્યા હોય,
સાધર્મિક ભક્તિ, ઢોલ પીટીને એ પણ શાસનની
અપભ્રાજના. જિનશાસન જુના ને. ગાળો ખાતુ હોય,
અને ગુપ્ત રીતે તમે અનુકંપા દાન કરી દો. અને

Vedanta
READ | WRITE | GROW

જિનશાસનને યશ ન અપાવો, એ પણ એક પ્રકારની શાસનની અપભ્રાજના, કંઈક આપણી ઘરેડમાંથી બહાર આવીએ, કંઈક સમજવાનો પ્રયાસ કરીએ, લાભાલાભ, હિતાહિત એને સમજવાનો પ્રયાસ કરીએ, શાસનની જરૂર સમજવાનો પ્રયાસ કરીએ, એ રીતે વર્તશું તો રૂપિયો ખર્ચીને કરોડ ખર્ચવાનું પુણ્ય મળશે, આવી કોઈ પ્રકાર નહિ હોય, તમે આડેધડ તમારી રીતે કરોડ ખર્ચશો, રૂપિયો ખર્ચવા જેટલું પુણ્ય મળશે.

વિવેક ધારણ કરો, સમજીને કંઈ પણ કરો !

તો ખરેખર આત્મ હિત પણ થશે, અને શાસનપ્રભાવના પણ થશે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x

# FEELINGS જિનશાસન - ૧૨

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી ના નિર્વાણ,
પછી પાંચસો પંચ્યાણુ વર્ષ પછીની ઘટના છે,
નગર હતું દસપુર, બિરાજમાન હતા પૂજ્ય આર્યરક્ષિત
સૂરીશ્વરજી મહારાજ, વિશાળ શિષ્ય પરિવાર છે,
અઢળક સંઘો નું સમર્પણ છે, હજારો શ્રાવક-
શ્રાવિકાઓની આસ્થા છે, જીવન સંધ્યાએ પૂજ્યશ્રી
આવ્યા છે, અને હવે આ સમગ્ર સામ્રાજ્ય પર,
નવા રાજા, ઉત્તરાધિકારીની નિમણુંક કરવાની છે.
પૂજ્યશ્રીનો સમગ્ર શિષ્ય પરિવાર ભેગો થયો છે.
સંઘ હાજર છે, શ્રાવક-શ્રાવિકાઓ હાજર છે.
પૂજ્યશ્રીના સમસ્ત સંસારી પરિવારે દીક્ષા લીધી છે,
અઢળક સ્વજન મહાત્મા હાજર છે, અને પૂજ્યશ્રી
એક પ્રશ્ન મુકે છે કે, તમને હવે મારી
જગ્યાએ ઉત્તરાધિકારી તરીકે, કોણ જોઈએ છે?
પૂજ્યશ્રીના સ્વજન મહાત્માઓએ બે નામ સુચવ્યાં,
એક ગોષ્ઠામાહિલ મુનિ, બીજા ફલ્ગુરક્ષિત મુનિ,
આ બંને મુનિઓ બધા જ સ્વજન મહાત્માઓમાં,
ખુબ જ વિદ્વાન હતા, ઘણું ભણેલા હતા,
પૂજ્ય આર્યરક્ષિત સૂરીજી મહારાજ સ્મિત કરે છે,
અને કહે છે કે ત્રણ પ્રકારના ઘડા હોય છે,
પહેલો ઘડો, ઘી નો ઘડો, એ ઘી ના ઘડા ને,

ઠાલવવામાં આવે ને, તો બહુ થોડું નીકળે, અને ઘણું બધું એ ઘડામાં જ રહી જાય. બીજા-નંબરનો ઘડો, તેલનો ઘડો, એને ઠાલવવામાં-આવે, MAJORITY તેલ નીકળી જાય પણ થોડું ચોંટેલું રહે, ત્રીજા નંબરનો ઘડો વાલનો ઘડો, એને ઠાલવવામાં આવે, એક એક-પણ ઘડાની અંદર રહે નહિ, અને બધા જ-વાલ નીકળી જાય. ને બધું જ ખાલી થઈ જાય.

સંઘ સાંભળી રહી છે કે ઉત્તરાધિકારીની વાત છે, એમાં આ બધી કઈ વાત આવી ને આર્યરક્ષિતસૂરીજી વાત આગળ ચલાવે છે, એક ના એક ગુરુ જુદા જુદા શિષ્યોની અપેક્ષાએ જુદા જુદા પ્રકારના ઘડા સાબિત થતા હોય છે. એક જ ગુરુ છે. અત્યંત યોગ્ય શિષ્ય છે એના માટે વાલના ઘડા સાબિત થાય, ઓછા યોગ્ય છે એના માટે તેલના ઘડા સાબિત થાય, એકદમ-ઓછા યોગ્ય શિષ્ય હોય એની અપેક્ષા એ ગુરુ ઘીના ઘડા સાબિત થાય. ભલે મારા પરિવાર-માંથી તમે આટલા બધા હોશીત થયા, ભલે તમે બે નામ સુચવ્યા, એ મારા સ્વજન મહાત્માના

Vedanta
READ | WRITE | GROW

છે. બધી વાત સાચી, પણ ગૌરુઠાવાહિલ મુનિ
માટે હું ઘી નો ઘડો સાબિત થયો છું ઘણું
બધું જ્ઞાન મારામાં જ રહી ગયું છે. હું એમને -
મારું MAJORITY જ્ઞાન પણ આપી શક્યો નથી.
સગુ રંજિત મુનિ, એમની યોગ્યતા ઘણી છે,
વિહ્વતા ઘણી છે, ભણવાની ધગશ ઘણી છે,
ગુણો એમના ઘણા છે, પણ એમના માટે હું
તેલ નો ઘડો સાબિત થયો છું. મેં એમને
ઘણું - બધું આપ્યું, પણ બધુ નથી આપ્યું,
થોડુ મારામાંજ રહી ગયું છે. આપણે ત્યાં -
એક મહાત્મા છે જે ભલે આપણા સંસારી -
પરિવારમાંથી નથી, ભલે મારા સ્વજનમાંથી નથી,
પણ એ આપણે ત્યાં શ્રેષ્ઠ મહાત્મા છે, જેમનું
નામ છે, દુર્બલિકા પુષ્ય મિત્ર મહાત્મા, એમના -
માટે હું વાસનો ઘડો સાબિત થયો છું, મારું
બધું જ જ્ઞાન હું એમની અંદર આપી શક્યો છું,
એ ઉત્તરાધિકારી થવા માટે સર્વોત્કૃષ્ટ યોગ્યતા
ધરાવે છે, એ મહાત્મા એ મારી પાસેથી સર્વોત્કૃષ્ટ
જ્ઞાન લીધું છે, અને એમની લાયકાત જોઈને
હું મારા ઉત્તરાધિકારી તરીકે, હું એમની -
નિમણુંક કરું છું.

Vedanta
READ | WRITE | GROW

મને કહેવા દો કે પૂજ્ય સ્વયંભવસૂરીજી મહારાજ,
એ કઈ રીતે જિનશાસનને મળ્યા, એમના ગુરુ
પ્રભવસ્વામી એ જોયું કે મારા શિષ્ય પરિવારમાંથી,
કોઈ એવી યોગ્યતા વાળુ નથી કે જે ઉત્તરાધિકારી
થઈ શકે, બીજા ગચ્છ, બીજા ગ્રુપ, બીજી પરંપરા,
એમાંથી પણ કોઈ એવું નથી એ સમજ્યે, પોતે
શ્રુતોપયોગ થી જુએ છે મારા શિષ્યોમાં યોગ્યતા-
નથી, મારા શિષ્ય ન હોય પણ, જિનશાસનના
બીજા ગચ્છ વગેરે ના કોઈ સાધુ હોય, એનોમાં-
પણ યોગ્યતા નથી કે મારા ઉત્તરાધિકારી થઈ શકે,
આગળ વધીને સંઘ સુધી શ્રુતોપયોગ લઈ જાય
છે, સંઘની અંદર કોઈ એવું ખરું જે ઉત્તરાધિકારી
થઈ શકે, ભલે અત્યારે શ્રાવક હોય, એમનામાં
એવી યોગ્યતા. ભલે બાળક હોય એમનામાં એવી
યોગ્યતા, ચૌદ પૂર્વ નો ઉપયોગ મુકીને પ્રભવ-
સ્વામી જુએ છે, એમનામાં પણ એવી યોગ્યતા નથી
જગત સુધી પોતાની દ્રષ્ટિ આગળ ફેલાવે છે,
સ્વયંભવ નામની બ્રાહ્મણ છે, યજ્ઞ કરી રહ્યો છે,
મિથ્યાત્વ થી વાસિત છે, એમની અંદર યોગ્યતા
દેખાય છે એમને પ્રતિબોધ કરાવીને, એમને
દીક્ષા આપીને, એમને તૈયાર કરીને, ભગવાનની-

પાટ એમને સોંપે છે. પ્રભવસ્વામી એ અજૈન-જ્ઞાત સુધી ઉત્તરાધિકારીની શોધ લંબાવી હતી. પૂજ્ય આર્યરક્ષિતસૂરીજી મહારાજ, એમણે પોતાના સગા નાના ભાઈ સંગુરક્ષિત મુનિ, એમને એટલા જ માટે નાપાસ જાહેર કર્યા હતા, કારણકે એમને અઠ્ઠાણું ટકા માર્ક જ આવ્યા હતા, અને સો ટકા માર્ક વાળા મોજુદ હતા.

મારો તમને પ્રશ્ન છે, ધારોકે-તમે કોઈ સંઘમાં કે સંસ્થામાં ટ્રસ્ટી હો, તમારી ભાવના શું ? સંઘની શ્રેષ્ઠ આરાધક અને-શ્રેષ્ઠ યોગ્યતા વાળો એવો જે માણસ હોય, એવી જે વ્યક્તિ હોય, એ જ મારી જગ્યાએ ટ્રસ્ટી-તરીકે આવવી જોઈએ, નવા ટ્રસ્ટી નિમવાના છે તો એજ હોવા જોઈએ, આવી તમારી ભાવના કે ભલે ગયેલો, વંઠેલો, ગમે તેવો પણ મારો દીકરો હોય, એને જ હું ટ્રસ્ટી તરીકે મારી જગ્યાએ નીમું, આવી આપણી ભાવના ? સંસાર કદાચ સગાવાદથી ચાલે છે.

શાસન આજને માત્ર યોગ્યતાવાદથી ચાલે છે!

અને જે જે આપણને મંજુર નથી, યોગ્ય આપણે જેવા નથી, આપણો પસંદગી સારા ઉપર નથી, પણ મારા ઉપર છે, હું કઈ છું દ્રસ્ટો આ - સ્થુળ વાત છે, સુક્ષ્મ વાત સુધી, આપણો દ્રષ્ટિ પહોંચવી જોઈશે, કે સામાન્યથી તમારા મિત્ર - હોય, તમારી સાથે સારો વ્યહવાર, તમારા સ્વજન તમારા ગાઢ પરિચિત, તમારા સંબંધી, આ તમને સારા લાગે છે.

કે જેનામાં વધારે ગુણો હોય, જેનામાં વધારે યોગ્યતા હોય, જેની વધારે આરાધના હોય, જેની વધારે તપસ્યા હોય, જેની વધારે શાસન - ભક્તિ હોય, એ આપણને સારા લાગે છે ?

શાસન માત્રને માત્ર યોગ્યતાવાહથી ચાલે છે!

જેને જે જે આપણને પસંદ નથી, તો એનો સીધો અર્થ એ છે, કે આપણે,

શાસનની પરંપરાને તાળુ લગાવી દેવા માંગીએ છીએ.

Vedanta
READ | WRITE | GROW

કારણકે યોગ્યતાવાદ વગર, શાસન ચાલવાનું જ નથી. મનોમંથન કરજો, સંસારમાં જે રીતે વર્તતા હશો, જોકે પણ રીત હશે, ઓછુ પાપ લાગશે. અહીયા આવી ને આડા અવળા વર્ત્યા, પરંતુ-આત્મા ને ખુબ જ નુકશાન થશે. સંઘ અને શાસન-ને નુકશાન થવામાં આપણે નિમિત્ત બનશું. અને એના દ્વારા,

આપણા આત્માનું ઘોર અહિત થશે!

આજે સમય થયો છે. આજે આટલું રાખીએ!

* * * *

# FEELINGS (જિનશાસન - 13)

01.10.2021

તારીખ હતી ૧-૪-૧૯૨૬, પૂજ્ય નેમિ-
સૂરીશ્વ મહારાજ, કે જ્યાં સુધી પાલીતાણા માં-
અન્યાય મુંડકા વેરો લેવાનો બંધ ન થાય, ત્યાં
સુધી કોઈએ પણ પાલીતાણાની યાત્રા કરવાની-
નથી. બધે સન્નાટો છવાઈ ગયો છે, આખા-
સંઘની બહાર, આ ગર્જનાની સખત પડઘો પડ્યો
છે. બે વર્ષ સુધી એક પણ જૈન પાલીતાણાની
યાત્રા કરવા ગયો નથી. કરવેરો ઉઘરાવનારા-
પોલીસો ત્યાં ભોંઠા પડ્યા છે, ઠાકોર ના હાથ હેઠા
પડ્યા છે, અંગ્રેજ સરકાર બહુ ચિંતામાં છે,
બે વર્ષ સુધી આ ચિંતા ઘુંટાયા કરે છે. છેવટે
ભારતના વાઈસરોય LORD IRWING, શિમલાની
બહાર ખાસ ગોળમેજ પરિષદ બોલાવે છે, કે આ-
પ્રશ્નનો નિવેડો લાવો. ઠાકોર અને સરકાર પોતાની
હાર સ્વીકારી લે છે, જૈનો નો વિજય થાય છે,
વિજયની પાછળ કોઈ કારણ હોય, તો એનું નામ છે,

**શાસન સમર્પિતતા !**

**એકતા અને એક નાયક !**

Vedanta

જ્યાં એવો નઈવાદ આવે કે પોતે પૈસા મારે અમુલ્ય ક્રમ છોડી દેવાનો, ત્યાં શાસન સમર્પિતતા નથી. જ્યાં આવી ઈચ્છા વાદ આવે, કે ભાઈ મારી ભાવના તો દાદાની ક્રમ કરવાની છે, એ તો હું કરીશ ત્યાં શાસન સમર્પિતતા નથી. જ્યાં એવો સ્વાર્થવાદ આવે, તીર્થનું જે થવું હોય એ થાય, ઠાકોર ને જે કરવુ હોય એ કરે, પૈસા ગમે તેટલા આપવા પડે છો આપવા પડે આચાર્ય ભગવંતો ને જે કહેવું હોય તે કહે ! હું મારી ક્રમ છોડવાનો નથી, ત્યાં શાસન સમર્પિતતા નથી.

એકતા આવે છે પ્રામાણિકતાથી !
એકતા આવે છે અહંકારના ત્યાગથી !
અને અહંકારનો ત્યાગ આવે છે શાસન સમર્પિતતાથી !

પરમ પાવનશ્રી કલ્પસુત્રની વૃત્તિનો આદર, કહ્યું છે,

सर्वेऽपि यत्र नेतारः सर्वे पण्डितमानिनः ।

જ્યાં બધા જ નેતા છે, બધા જ નાયક છે, બધા જ પોતાને બહુ ઉંચા જ્ઞાની માને છે.

सर्वे महत्त्वमिच्छन्ति ।
બધાને સર્વેસર્વા થવું છે.
तद्वृन्दमवसीदति ।
એ વૃંદ, એ સમુહ, એ અવસાદ પામે છે, એ વૃંદ સીદાય છે. એ વૃંદની પ્રગતિ થતી નથી.

## આગળ ધસી આવવામાં શાસનનું ગૌરવ નથી!

એક જણને નાયક બનાવો ને નમ્રતાથી પાછળ-પાછળ ચાલવામાં શાસનનું ગૌરવ છે. જેને માત્ર પોતાનું નામ જ કરવું છે, એ શાસનનો નામોશી કરશે. એ નાયકતા નથી, એ નામોશી છે. એ શાસનની પ્રભાવના નથી, એ શાસનની-અપભ્રાજના છે. જેને શાસનની શોભામાં પોતાની શોભા ન લાગે, એ શાસનના નામે કશું પણ કરવા લાયક નથી. કારણકે,

## તાત્વિક દ્રષ્ટિએ તેઓ શાસનમાં જ નથી!

સવાલ અત્રા બંધ કરાવવાનો નથી. અત્યારે એવો કોઈ સવાલ નથી. જ્યારે શાસનના

અગણી ગુરુભગવંતો તરફથી જે પ્રેરણા થાય, જે ફાઈલ થાય, એને ખુલી લેવાનો છે. સવાલ માત્ર ઉપલા LEVEL નો જ નથી, હું કહું છું - તમારી બાજુમાં બેઠેલા આરાધક ભાઈ, એમના અભિપ્રાય, એમની ઈચ્છા, એમને માન આપીને, એમને આગળ કરીને, એમને મોટા કરીને, તમે પાછળ રહો. આ પણ શાસનની બહુ મોટી સેવા છે. આપણની આત્માંથી કશું જ ફાવતું - નથી, આપણા જેવા બુદ્ધિશાળી, જ્ઞાની, હોશિયાર, સમજદાર, આપણને બીજા કોઈ દેખાતા નથી, આપણે કરીએ એ સાચુ, બીજા કરે એ ખોટા, આપણે આપણી જીતે માટે સાચા. બીજા-બીજા-છે માટે ખોટા, આવા આપણા ગણિતો શાસન-ની ઘોર ખોદી રહ્યા છે. શાસનને જેટલો ભય-આપણા આવા ગણિતો ના કારણે છે. એટલો -

ભય દુનિયાના બીજા કોઈ પરિબળથી નથી!

ખુબ મંથન, ચિંતન કરજો, નમ્રતા કેળવો, વિનય કેળવો, પાછળ ચાલતા શીખો. પડદા-પાછળ રહીને કાર્ય કરતા શીખો. પડદા પાછળ કાર્ય

કરીને યશની ટોપલી બીજાના માથે નાખતા - શીખો. તો શાસનની સેવા થઈ શકશે. આગળ ધસી જાવનાર.. હું હું કરનાર, હું જ કરનાર, મારું જ કરનાર, એ કદી પણ શાસનની સેવા નહિ કરી શકે, પણ શાસનને નુકશાન કરી દેવામાં નિમિત્ત બનશે. આવું ન થાય એના માટે, સમર્પિત બનવાનો પ્રયાસ કરજો. આજે સમય - થયો છે, આજે આટલું રાખીએ.

---

04.10.2021

# FEELINGS | જિનશાસન ૧૪

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ના નિર્વાણ પછી, ત્રણસો વર્ષ, મગધમાં રાજ્યદ્રોહ કરીને સેનાપતિ પોતે રાજા બની ને બેઠો છે. નામ છે પુષ્યમિત્ર. અત્યંત ઝુંખાર અને ધર્માંધ એ રાજા. કાળોકેર એણે વર્તાવ્યો, બૌદ્ધ અને જૈન સાધુના માથા કાપવા સુધી ના અત્યાચારો એણે કર્યા. જિનશાસનને ઘણું નુકશાન પહોંચાડ્યું, શ્રાવક, શ્રાવિકાઓ, તીર્થો જિનાલયો, ઉપાશ્રયો બધું જ જોખમમાં આવી ગયું. પ્રભુ વીર ના પુત્રો જે પ્રાણાંત ઉપસર્ગો ને પણ સહન કર્યા, સમતાથી સહન કર્યા, જે મહાત્માઓ બચી ગયા હતા, મગધથી વિહાર કરીને કલિંગ દેશની અંદર પધાર્યા છે. કલિંગ દેશ નો રાજા છે, મહામેઘવાહન. જેનું બીજું નામ હતું સમ્રાટ ખારવેલ. એમના કાને જ્યારે અત્યાચારો ની વાત આવે છે, ત્યારે આંખ માંથી આંસુ વહેવા લાગે છે. ત્રૈલોક્યશેખર એવા મારા જિનશાસન ઉપર આટલી કક્ષાના જુલમ, આટલી એની આશાતના, આટલી અવગણના, આટલા સાધુ-સાધ્વીજી ભગવંતોની હત્યા થઈ જાય. રાજાની આંખ માંથી આંસુ વહી રહ્યા છે, બહુ ખોટું થયું, આવું ન થવું જોઈએ. આ જ આંસુ આગ નું સ્વરૂપ લે છે, રાજા ઉકળી ઉઠે છે, આવું તો

ઈર્ગોઝ ન ચાલે, આવું તો નજ ચાલવા દેવાય.
રામ યુદ્ધની ભેરી વગાડી દે છે. એક બાજુ રાજ્ય
છે, બીજુ બાજુ રાણીઓ છે, ત્રીજુ બાજુ રાજકુમાર-
રાજકુમારીઓ છે, ચોથી બાજુ જનતા છે, પાંચમી
બાજુ એશો આરામ છે, છઠ્ઠી બાજુ વશિષ્ઠ છે,
બધુ જ છે, નવરા ન હતા, નકામા ન હતા,
યુદ્ધની ભેરી વગાડી દીધી છે, જરીયન ભગા છોડી-
ને, રામ પોતે બખ્તર પહેરી રહ્યા છે, એ જ
સમયે કેટલાક આપણા જેવા સમજદારો રામને
સમજાવવા આવે છે કે, વિશ્વામિત્ર બહુ ખુંખાર છે,
કેટલાક સમજાવે છે કે મગધ સાથે આપણું કામ-
નહિ, કેટલાક સમજાવે છે કે આ આપણું કામ-
નથી, આ ફલાણા-ફલાણા રાજાઓનું કામ છે, કેટલાક
સમજાવે છે, આપણે આપણું રાજ્ય સંભાળી ને બેસીએ
એ જ ઘણું છે, કેટલાક સમજાવે છે કે આમા કદાચ
જાન પણ ખોવી પડશે, કેટલાક સમજાવે છે, કે
જે મહાત્માઓ મગધથી વિહાર કરીને આવ્યા છે,
એમની સારામાં સારી વ્યવસ્થા કરી દઈએ, વાત
પુરી થઈ ગઈ. સમજાવનારા ઘણું સમજાવે છે.
રામની કશું જ સમજાતું નથી કારણ કે એ-
આપણા જેવા સમજદાર ન હતા.

બધી તાકાત લગાડીને સમ્રાટ ખારવેલ, મગધ ઉપર ત્રાટકે છે, તૂટી પડે છે, બધી જ તાકાત લગાડીને યુદ્ધ લડે છે, પુષ્યમિત્રને ઉભી પુંછડી એ ભાગી જવું પડે છે. જીવ લઈને એ પંચાલ દેશ-ની અંદર ક્યાંક ભરાઈ જાય છે. મગધના - જિનાલયો, મગધના સંઘો, મગધના ઉપાશ્રયો, - મગધના શ્રાવક - શ્રાવિકાઓ, મગધની તીર્થભૂમિઓ, મગધની કલ્યાણ ભૂમિઓ, મગધના જૈનશ્રમણ તીર્થો, આ બધુ જ સુરક્ષિત બની જાય છે, એટલું જ નહિ, જિંદગીની અંદર ક્યારે પણ જિનશાસન - સામે આંખ ઉંચી કરીને જોવું સુદ્ધા નહિ, આવી દુનિયાની અંદર એક દાખલો બેસી જાય છે.

મને કહેવા દો જ્યારે તીર્થો જોખમ - માં હોય, જ્યારે સંઘ જોખમમાં હોય, ને ફેશન - અને વ્યસનની અંદર નવી પેઢી પાયમાલ થઈ - રહી હોય, દિવસે ને દિવસે જિનશાસનનું ભવિષ્ય - વધુને વધુ ધુંધળુ દેખાતું હોય, કાલે શું થશે એની કલ્પના કરતા ધ્રુજારી છૂટી જતી હોય. એ સમયે આપણી ફરજ આપણું ઘર સાચવવાની કે શાસન બચાવવાની ?

જિનશાસનની વર્તમાન દશા જોઈએ તો લોહીના-
આંસુ પાડવાનું મન થાય. જિનશાસનની વર્તમાન
દશા જોઈએ તો પોક મુકીને રડવાનું મન થાય.
ધ્રુસકે ને ધ્રુસકે રડી પડાય. રાતોની ઉંઘ-
હરામ થઈ જાય. ખાવાનું હરામ થઈ જાય, આવી
જિનશાનની દશા ને ઠંડે કલેજે આપણે આપણું
ઘર સાચવી ને બેસી શકતા હોઈએ, તો મને
કહેવા દો,

## હું આપણે જૈન કહેવડાવવા ને લાયક ખરા?

આજ આપણી સમજણ, આ જ આપણું ડહાપણ, આ જ આપણી શાંતિ, આ જ આપણું ઠંડુ કલેજુ, આ જ આપણા પેટનું પાણી ન હલે એવી દશા. જેના કારણે જિનશાસનની ઘણી ઘણી બરબાદી થઈ રહી છે. હજુ આપણે જો ન જાગ્યા, સંપૂર્ણ નાશ જિનશાસનનો આ ધરતીના ટુકડા ઉપર થઈ જાય, એ બધી જ સંભાવના નજર સામે દેખાઈ રહી છે. દુશ્મન-જિનશાસનનું બીજું કોઈ જ નથી, કોઈ બહારનું તત્વ, કોઈ બહારના વિદ્રોહીઓ, કોઈ વિધર્મીઓ,

કોઈ સરકાર, આ જિનશાસનના દુશ્મન નથી. જિનશાસનની સર્વોત્કૃષ્ટ કોઈ દુશ્મન હોય તો એ આપણી સમજણ છે, એ

સમજણ ને તોડી ફોડી નાખવા જેવી છે!

સમજણે જ આપણને નમાલા બનાવ્યા છે!

સમજણે જ આપણને આવા ગદ્દાર બનાવ્યા છે!

સમજણે જ આપણને આવી વિચિત્ર સ્થિતિની અંદર મુકી દીધા છે. જે સમજણને તોડી ફોડી નાખીએ, સમ્રાટ ખારવેલ બનીએ, આજે જિનશાસનને જૈનમ્ જયતિ શાસનમ્ ના ખોંખારા નથી રહેતા, આજે જિનશાસનને મમ ને ઉમ ઉમ માં થઈ જતું સર્વમંગલ નથી રહેતુ. આજે

જિનશાસનને જરૂર છે સમ્રાટ ખારવેલની!

જેને કોઈ સમજણી વાતો સમજાય નહિ, જે જિનશાસનની વ્યથાથી રડી પડે.

04.10.2021

જેની પાસે છાતી હોય કે કુદી પડે, જિનશાસનના
બધા જ વિઘ્નો નો સફાયો કરીને જ જંપે, જિન-
શાસનનો જયજયકાર કરી દે, આવા સમ્રાટ-
ખારવેલ નો આપણી અંદર ઉદ્ભવ થઈ જાય,
અભ્યુદય ને આથી વધુ કોઈ અપેક્ષા નથી. આજે
સમય થયો છે, આજે જાગતું રાખીએ.

× × × × ×



Vedanta READ | WRITE | GROW

06.10.2021

# FEELINGS જિનશાસન - ૧૫

દેશ હતો કલિંગ, સમય હતો વીર સંવત - 300 સ્થળ હતું કુમારગિરિ તીર્થ, સમ્રાટ ખારવેલે - સકળ સંઘને ભેગો કર્યો છે, પાંચસો ની સંખ્યામાં સાધુ ભગવંતો છે, ત્રણસો ની સંખ્યામાં સાધ્વીજી - ભગવંતો છે. શ્રાવક - શ્રાવિકાઓની વિશાળ પર્ષદા છે. સમ્રાટ ખારવેલ પોતે સભાની વચ્ચે ઉભા - થયા છે. હાથ જોડેલા છે, સ્વર ગળગળો છે, રોમે રોમ ટહાર છે, પાંપણો ભીની છે. જિન- શાસન પ્રત્યેની સંવેદના એમની મુખ મુદ્રા ઉપર તરવરી રહી છે. અને બધા જ સાધુ - સાધ્વીજી ભગવંતોને ઉદ્દેશીને સમ્રાટ ખારવેલ કહી છે કે, મગધ હવે નિરૂપસર્ગ છે. અત્યાચારીઓને ભાગી જવું પડ્યું છે. રાજાઓ હવે અનુકૂળ છે. દુકાળ હવે પુરો થયો છે. મારી આપ સર્વેને હાથ જોડીને વિનંતી છે, આપ સમગ્ર મગધ અને આજુ બાજુના પ્રદેશોની અંદર વિચરો, અને ભગવાનના શાસનનો ઉપદેશ, ત્યાં જન - જન સુધી પહોંચે, જિનશાસનની અજબ ગજબ ની પ્રભાવના થાય, એવું આપ કરો.

મારે તમને કહેવું છે કે તમારી -

Vedanta
READ | WRITE | GROW

ભાવના ધારો કે એવી છે કે પાલીતાણા તમારે ચોમાસુ કરાવવું છે. તમારું પચ્ચીસ- પચાસ- લાખ, કરોડ રૂપિયાનું BUDGET છે, તમે- એક મહાત્મા ને આગ્રહ કરીને કહો છો, સાહેબ આપની નિશ્રામાં ચોમાસું કરાવવું છે, આ જ વર્ષે કરાવવું છે. આપે આવવાનું જ છે. ધારોકે મહાત્મા એવું કહે છે. કે ભાઈ પાલીતાણામાં તો ધર્મ આરાધનાઓનો મુશળધાર વરસાદ- વરસે છે, આરાધકો મારી પાસે નહિ તો બીજા પાસે કરી લેશે, પણ આ એક ગામ છે જેની અંદર જૈનો ની વસ્તી ખાલી થઈ ગઈ છે. દહેરા- સરની અંદર PROBLEMS ઘણા થઈ ગયા છે, કોઈ ભગવાનને પુજવા વાળુ નથી રહ્યુ. ઉત્થાપવા- ની વાત ચાલી છે. મારે ત્યાં ની વાત કરવી છે. એ ગામની અંદર સો- બસો જણા રોજના પ્રભુની- પૂજા કરતા થઈ જાય. પાંચસો- હજાર જણ રોજ- ભગવાનના દર્શન કરતા થઈ જાય, એ ગામની અંદર નવે- સરથી સંઘની સ્થાપના થાય, ભગવાનના શાસનનો પ્રસાર પણ થાય, ભગવાન- ના શાસનની રક્ષા પણ થાય, જિનાલય, જિનબિંબ એની બધી જ આશાતનાઓ બંધ થઈ જાય.

આ એક ISSUE સાથે મારે એ ગામની અંદર ચોમાસુ કરવું છે. રોટલા ને છાશ ખાઈને અમે ચોમાસુ કરી લેશું, અને તમારી ભાવના હોય, તો આ સત્કાર્ય ની અંદર તમે જોડાઈ શકો છો, બહુ મોટો લાભ છે. હું તમને પુછુ કે તમારો-જવાબ શું હોય ?

સાહેબ આ વખતે પાલીતાણાનું રાખો ને !

સમ્રાટ ખારવેલ પોતે કલિંગના સમ્રાટ છે. મગધમાં વિચરવાની મહાત્માઓને-આગ્રહ ભરી વિનંતી કરે છે, કારણને શાસન-પ્રેમી છે. અમદાવાદ સંઘો મને ખુબજ વિનંતી કરે, આગ્રહ કરે, આ ચોમાસુ આપ અમારે-ત્યાં જ આપવાનું છે, અમારે ત્યાં જ કરવાનું છે, અને હું તમને કહું કે આવા કોઈ ગામ-ની અંદર મારે ચોમાસુ કરવાની ભાવના છે, અને તમે મારી પાછળ જે મહેનત કરવા માંગો છો, જે સદ્વ્યય કરવા માંગો છો, જે સમયનો ભોગ આપવા માંગો છો, એ બધું જ આવા-ગામની અંદર આપવા જેવું છે, અને ત્યાં કરવા

જેવું છે. આવા ઘણા બધા ગામો છે. મારી - જિંદગીની અંદર પુરા ન થાય એટલા બધા ગામો છે. ને શાસન ક્યાં મરી રહ્યું છે, શાસનના ક્યાં છેલ્લા શ્વાસ ચાલી રહ્યા છે, ક્યાં જૈનો, સ્વામી- નારાયણ બની રહ્યા છે, ક્યાં જૈનો CHRISTIAN બની રહ્યા છે, ક્યાં જૈનો મુસ્લિમ બની રહ્યા છે, ક્યાં જૈનો બીજા વિધર્મી હોય એની સાથે - ભાગી ભાગીને પરણી રહ્યા છે, ક્યાં જિનાલય એકલુ અટુલુ પડ્યું છે, ક્યાં જિનાલયની અંદર ખોટી પ્રવૃત્તિઓ ચાલુ થઈ ગઈ છે. અહિંયા હું નહિ તો કોઈ બીજા આવશે. અહિંયા તમે - એકલા પણ આરાધના કરી લેવાના, ત્યાં નું શું ? મારે ત્યાં જવું છે. મારે મારી જિંદગી એવા ગામડાઓની અંદર આપવી છે. સાચું - બોલો, તમારો જવાબ ? મને એવા જવાબો મળ્યા છે, સાહેબ એક ચોમાસુ મારે ત્યાં કરી લો પછી કાયમ એવું બધું કરજો.

સમ્રાટ ખારવેલ, મારે ત્યાં કલિંગ દેશમાં જ રહેવાનું છે, મને જ ગોચરીનો લાભ મળવો જોઈએ, તમારે ક્યાંય જવાનું નથી,

Vedanta
READ | WRITE | GROW

આટલા સાધુ-સાધ્વીજી ભગવંતો બસ કલિંગ-
માં જ રહેવા જોઈએ, કોઈ આઘા-પાછા-
ન થવા જોઈએ.

સમ્રાટ ખારવેલને ખબર છે કે- સાધુઓ જેટલા વધારે ને વધારે ભેગા રહે, એટલા જિનશાસનના વિઘ્નની અંદર ભાગાકાર થાય. સાધુઓ જેમ જેમ અપ્રતિબદ્ધ રીતે વિચરે, એમ જિનશાસનના ગુણાકાર થાય.

સમ્રાટ સંપ્રતિ પોતાના માણસોને સાધુના વેષ પહેરાવીને અનાર્ય દેશોની અંદર- સાધુનો પરિચય, આચાર સહિતના, ગોચરી ચર્યા, બધાનો પરિચય કરાવ્યો, અને પછી વિનંતી કરી, આપ ત્યાં કેમ નથી વિચરતા. તમે તમારે ભવ-ટાટા-બાઈ-બાઈ- બધે શાસનનો પ્રસાર કરજો, આવી લુખ્ખી વાત નથી. સમ્રાટ ખારવેલે ખરા-ખરીની જંગ ખેલીને, જીવ જોખમમાં મુકીને, મગધના અત્યાચારીઓને મારી હરાવ્યાને પછી- મહાત્માઓને આ વિનંતી કરી છે. સમ્રાટ સંપ્રતિએ અનાર્ય દેશોને સુખ-વિહાર દેશ બનાવ્યા,

અને પછી આ વિનંતી કરી છે. ખારવેલ સમ્રાટની વિનંતી એળે જતી નથી. મગધ, વંગ, મથુરા, [illegible] વગેરે પ્રદેશોની અંદર પુષ્કળ મહાત્માઓ વિચરે છે, જિનશાસનની અદ્ભુત પ્રભાવના, અદ્ભુત પ્રસાર થાય છે. હજુ આગળ વધીને, એ કુમરગિરિ તીર્થ ત્યાં બે TWIN પર્વતો છે, એકનું નામ છે કુમરગિરિ, બીજાનું નામ છે કુમારીગિરિ, આજે પણ એ પર્વતો છે. આ પર્વતોની અંદર મોટી મોટી ગુફાઓ કોતરાવી એ ગુફાઓની અંદર મહાત્માઓનું સમ્મેલન બોલાવે છે, એ ગુફાની અંદર જ બેઠેલા એક મહાપુરુષ, જેમનું નામ શ્યામાચાર્યજી, બીજું નામ કાલકાચાર્યજી, એ મહાપુરુષ એક અદ્ભુત આગમની રચના કરે છે, જેનું નામ છે,

શ્રી પ્રજ્ઞાપના સૂત્ર !

બીજું નામ

શ્રી પન્નવણા સુત્ર !

એ જ ગુફાઓની અંદર એક અદ્ભુત સુત્રની-
રચના થાય છે જે આજની તારીખમાં જૈનોના-
ચારે ફિરકા એને માન્ય છે. જેનું નામ છે,
શ્રી તત્વાર્થાધિગમ સુત્ર ! એ જ ગુફાની અંદર,
જે રહ્યું-સહ્યું. બચ્યું-કુચ્યું જે દ્રષ્ટિવાદનું
શ્રુત જે દુકાળ પછી મહાત્માઓ ભુલવા લાગ્યા,
કોઈક કાંઈક ભુલી ગયા, કોઈક કાંઈક ભુલી
ગયા, અને બધા મળીને એની સંકલના કરી-
ને, એનું લેખન-સંકલના-વાચનામાં આગળ
અખંડ પ્રવાહ ચાલે, એવો પ્રયાસ કરે છે.
એ જ ગુફાની અંદર, દસમાં વિદ્યા પ્રવાહ
નામના પુર્વ માંથી ઉદ્ધૃત એવા અંગ વિજ્ઞ
વગેરે શાસ્ત્રોની રચના થાય છે. જે શાસ્ત્ર
આજે પણ પ્રાપ્ત થાય છે. અદ્ભુત જિનશાસન-
ના કાર્યો સાકાર થયા. જેના મુળમાં એક-
શ્રાવક, એક શ્રાવક ની શાસન સંવેદના !

આપણે શાસન માટે કશું ન
કરી શકીએ, એનો અર્થ એ નથી કે આપણે
રાગ નથી, આપણું પણ કંઈને કંઈ શક્ય-
હોય જ છે. એનો અર્થ એટલો જ છે.

કે આપણે શ્રાવક નથી. બહુ સરસ તમારું ચોમાસું, તમારું અનુષ્ઠાન, તમારું જે મિશન હતું, લક્ષ્ય હતું, કદાચ સર થઈ પણ ગય- બની શકે. શાસન માટે એ કોઈ જ FEELINGS નથી, ઘોર ઉપેક્ષાનો ભાવ છે. લાગણી નથી, મારા પણું નથી. માત્ર મારું નામ, ધામ-ધુમ-મારી વાહવાહ, પ્રશંસા, શાબાશી, હારતોરા, સમાજમાં સારું લાગે આટલી જ ભાવના છે. તો હકીકતમાં આપણે બહુ SERIOUSLY, WRONG NUMBER ઉપર વાતો લાંબી-લાંબી કરી રહ્યા છીએ. એથી વધારે કશું જ તથ્ય નથી.

શાસનના પ્રેમી બનજો !

શાસનને સમર્પિત બનજો !

શાસનની ખરી આરાધનાની શરૂઆત અહીંયાથી થાય છે. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ !